ગુજરાતી ભાષાનું ભવિષ્ય
ડૉ. વિપિન શાહ

ભાષા લોકમાનસની ઉર્વર ભૂમિમાં અંકુરિત, પલ્લવિત અને વિકસિત થાય છે તથા લોકવ્યવહારની પ્રયોગશાળામાં એનું સ્વરૂપ નિરંતર વધારે ખીલતું રહે છે. એ પ્રકારે લોકમાનસમાંથી ઉદ્ભૂત અને લોકસમુદાયની સર્વતોન્મુખી પ્રકૃતિનું પ્રતીક સમાજ ચિંતનની કેન્દ્રીય ધુરી બની રહે છે. આ કેન્દ્રીય ધુરીની અચળ સુદૃઢતા અને અવિરામ સંચરણ શીલતામાં જ સમાજ અને રાષ્ટ્રની નિરંતર ગતિમયતાનું રહસ્ય નિહિત હોય છે.

ભાષા એક એવું 'વહેતું જળ' છે જે અબોધ હોવા છતાંય સર્વથા અવ્યવસ્થિત કે દિશાહીન પથગામી નથી એની પોતાની નિજી પ્રકૃતિ, પ્રવૃત્તિ અને મર્યાદાસીમા સુનિશ્ચિત છે. આ પરિઘની અંદર રહીને પણ ભાષાની વિકાસયાત્રા અનેક વીથિ અને માર્ગનું અનુસરણ કરતી કરતી અવિરામ ગતિથી પ્રવાહમાન રહીને પોતાનાં સંપૂર્ણ પરિવેશને આપ્લાવિત અને રસાસક્ત કરતી શાશ્વત જીવંતતાનું વરણ અને સંપ્રસાર કરે છે એનો સાક્ષાત્કાર એ ભાષામાં ઉચિત સાહિત્યના માધ્યમથી સહજતઃ કરી શકાય છે. ધ્યાન રહે કે ભાષાનું પ્રમાણીકરણ લોકપ્રયોગથી થાય છે, કેવળ કોશગ્રંથો કે વ્યાકરણ શાસ્ત્રીય સિદ્ધાંતોના વાચનપુર્નવાચનથી નહીં.

લોકપ્રયોગનો વિષય બની રહે છે બહુઆયામી લોક-સાહિત્ય, અને લોક-સાહિત્ય જ અંતતો ગત્વા ઉત્કૃષ્ટ કાળજયી સૃજનાત્મક સાહિત્યનું આધારફલક સિદ્ધ થાય છે. આ દૃષ્ટિથી ગુજરાતીભાષિક અને સાહિત્યિક ઊર્જા નિશ્ચય જ પર્યાપ્ત, પ્રખર અને જન-મનની ચેતના શિખાને માટે અનવરત દીપ્તિપ્રદાયિની છે. ગુજરાતી ભાષાની આ વિરાટ રાજ્યમૂર્તિના નિર્માણમાં અને સૌમ્યસ્વરૂપ પ્રદાન કરવામાં અસંખ્ય લોકગાયકો, સિદ્ધસંતો, ભક્તો, ચારણો અને જનગાયકોની સાથે સાથે અનેકાનેક મધ્યકાલીન અને આધુનિક મનીષી વિદ્વાનો ને સાહિત્યકારોની સાધના અને સમન્વિત સુસંયોગ સહભાગી રહ્યાં છે. આ દીર્ઘકાલીન વિકાસ પ્રતિષ્ઠાનના પ્રમુખ પ્રસ્થાન બિંદુઓની ઓળખ અને એના સામ્ય વૈષમ્યમૂલક પારસ્પરિક સંબંધોનું અન્વેષણ ગુજરાતીનું સમગ્ર ભાષીય અને સાહિત્યિક સ્વરૂપ-વિકાસનું નિરંતર મૂલ્યાંકન અને એમાંથી પ્રાપ્ત નિષ્કર્ષોની મદદથી પથનિર્ધારણ કરતા રહેવું એ આપણા સૌનું એક અનિવાર્ય સામાજિક દાયિત્વ છે.

ભાષા પોતાના અનેક સંદર્ભોમાં એક તરફ કોમળ અને સંવેદનશીલ હોય છે, તો બીજી તરફ કઠોર અને નિર્વૈયક્તિક-ભાષાનો પ્રશ્ન વ્યક્તિના સ્વતંત્રચેતા અસ્તિત્વ સાથે જોડાયેલો હોય છે. પોતાની ભાષાની પ્રતિ

એક સ્વાભાવિક ઝોક હોય છે. સેંકડો વર્ષની ગુલામી (સુલતાન, મુગલ, પેશ્વાઈ અને અંગ્રેજ આધિપત્ય)એ ગુજરાતીને પૂરી રીતે પાંગરવાનો મોકો જ ન આપ્યો, શાસનની ભાષા ન બની શકી અને શિક્ષણ ક્ષેત્રે પણ એની ઉપેક્ષા થતી રહી. સ્થિતિ એવી થઈ ગઈ કે આપણી ભાષાની અસ્મિતા તરફ ભાવાત્મક જોડાણ પણ ન થયું. પોતાની ભાષા માટે જે ઘનિષ્ઠતા અને પોતાપણાની જરૂરિયાત હતી તે પણ ન બની શક્યું એટલું જ નહીં, આપણી ભાષા, આપણી બોલી, આપણી સંસ્કૃતિ, આપણી સભ્યતા તરફ જે લગાવ હોવો જોઈએ તે દૂર-દૂરના સિમાડાઓ સુધી ગુજરાતી ભાષા બોલનારના મનમાં મૂળ જમાવી ન શકી. પરિણામ એ થયું કે પોતાની ભાષા તરફ ઉપેક્ષાની દૃષ્ટિ આવી ગઈ. અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ સમાજમાં એકસરખું જણાવા લાગ્યું. પોતાની ભાષામાં લખવા-બોલવાવાળા ઉપેક્ષિત થવા માંડ્યા. અંગ્રેજીમાં રાચનારા બુદ્ધિજીવી ગુજરાતીમાં રચિત શ્રેષ્ઠ સાહિત્યથી અનભિજ્ઞ રહ્યા.

ગુજરાતીમાં પ્રચુર અને શ્રેષ્ઠ સાહિત્ય ઉપલબ્ધ છે. આ સાહિત્યના માધ્યમથી જ આપણે ગુજરાતની મૂળ ચેતનાને ઓળખી શકીએ તેમ છે. અને એક બીજી વાત એ કે ક્ષેત્રિય સાહિત્યની પોતાની એક ઓળખ હોય છે, પોતાની અભિવ્યક્તિ હોય છે, અને પોતાની વિશેષતા હોય છે. અને આ વિવિધતાની વચ્ચે એકતાનની સુદૃઢ જડ ગ્રથિત છે.

એક ભાષાકીય સંમેલનના આયોજનની જરૂરિયાત ખરી ‘ગુજરાતી ભાષા અને અસ્મિતા’,-આવી બે દિવસીય સંગોષ્ઠીમાં બૃહદ્ ગુજરાતી સમાજના સર્વદેશીય પ્રતિનિધિઓને આવકાર છે. આ સંગોષ્ઠી એવું પણ નક્કી કરે કે આવા સંમેલનનો ક્રમ ચાલતો રહેવો જોઈએ. તાલુકે તાલુકે ‘સાહિત્યાનુશીલન’ સાહિત્યવર્તુલો ચોમાસામાં ઠેરઠેર ફૂટી નીકળતા ‘બિલાડીના ટોપ’ની જેમ ઊગી નીકળવા જોઈએ. ગુજરાતી ભાષાના વિભિન્ન પહેલુંઓ પર વિચારવિનિમય થવો જરૂરી. સ્થાનીય વિદ્વાનો અને છાત્રો આવા કાર્યક્રમોમાં અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લે. આવી સંગોષ્ઠીમાં પ્રસ્તુત આલેખોનું સુગ્રથિત પ્રકાશન પણ થવું ઘટે. ગુજરાતી ભાષાના પ્રેમીજનોને આવું સંકલન પસંદ પડશે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી સાહિત્ય અકાદમી આમાં પ્રમુખ ભાગ ભજવી નાગરિકોને ઉત્સાહિત કરી માર્ગદર્શન આપી શકે. બધાયનું સુચારુ યોગદાન જરૂરી છે.

ઇતિહાસવિદ ઋષિ આર્નોલ્ડ ટોયન્બી પોતાના ગ્રંથ Surviving the future માં ભાવિમાં ટકી રહેવા માટેના વિશ્લેષણ અને નુસખાની રીતરસમની છણાવટ કરે છે અને ઊંડી ગર્તામાં ધકેલાઈને મા પૃથ્વીના પટ ઉપરથી આપણે ભુંસાઈ ન જઈએ તે માટે આપણી અસ્મિતાને એ ઢંઢોળે છે. આપણે નિદ્રામાંથી જાગીને એક પથ નિશ્ચિત કરી અવિરત ચાલતા રહેવાનું છે. ઉદાસીન રહીશું તો ભાવિ ધૂંધળું છે.

શિષ્ટ સાહિત્યને વરેલી પત્રિકાઓ જન્મ લઈને પાંગરવી જોઈએ. ‘શ્રીરંગ’, ‘પ્રસ્થાન’, ‘ઋચિ’ અને ‘સંસ્કૃતિ’ જેવાં માસિકો આપણી નજર સમક્ષ લુપ્ત થઈ ગયાં એ આપણી કરુણાંતિકા! ‘બુદ્ધિપ્રકાશ’, ‘કુમાર’ અને ‘અખંડ આનંદ’નું સંવનન જરૂરી છે. રમણ પાઠક (વાચસ્પતિ) અને ગુણવંત શાહ જેવા મનીષી ગુજરાતી ભાષાના સંવર્ધનકાર્યમાં સમગ્રપણે સમર્પિત થઈ જાય એ ઇચ્છનીય. નરસિંહ મહેતા, પ્રેમાનંદ અને દયારામ પુનર્જન્મ લે-એકવીસમી સદીના પરિપ્રેક્ષ્યમાં. મેઘાણી, ઉમાશંકર અને સુંદરમને આપણે આત્મસાત્ કરવાના છે.

સમગ્ર રાજ્ય માટે, ગુજરાતી ભાષાને સમર્પિત એક ભાષા-વિદ્યાપીઠની રચના ખૂબ જરૂરી. રાજ્યની દરેક યુનિવર્સિટીમાં એક ગુજરાતી ભાષાભવન આકાર લેવું જોઈએ. પ્રત્યેક કોલેજમાં ગુજરાતી ભાષાના પ્રોફેસરની જગ્યાઓ વણપુરાયેલી ન હોવી જોઈએ. આંતરકોલેજ આદાનપ્રદાન અગત્યનો ભાગ ભજવી શકે. ‘કચ્છ અને કામરેજ’, ‘બોટાદ’ અને ‘બીલીમોરા’, આવાં ઝુમખાં તાદૃશ્ય થાય એ જરૂરી.

કચ્છી, ભીલી, ડાંગી અને રાજ્યની પૂર્વપટ્ટી કે કાંઠા વિભાગમાં વસતી પ્રજાની બોલીમાં ખૂબ વૈવિધ્ય રહેલું છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના સીમાડે વસતી પ્રજાની બોલીમાંથી આપણને ઘણું મળી શકે અને રાજ્યના મુખ્ય પ્રવાહમાં તેને સમાવી શકાય. એમનાં લોકકાવ્યો, લોકકથાઓ, ઉખાણા આપણને ફળદાયી નિવડી શકે. આ વિસ્તારના રીતરિવાજ, રહેણીકરણી, લગ્નગીત અને બોલીને ગ્રંથસ્થ કરી શકાય.

સાર્થ જોડણી કોશની આવૃત્તિને ચાર દાયકા થયાં. કે.કા.શાસ્ત્રી કૃત બૃહદ્ ગુજરાતી કોશને પણ ત્રણ દાયકા થયાં, નિરંતર કાર્યરત હોય એવા ‘ગુજરાતીભાષા કોશ નિર્માણ મંડળ’ની તાતી જરૂરિયાત છે. ‘ભાષાકોશ’ના સંવર્ધન માટે ખાનદેશી, મરાઠી, મેવાડી, રાજસ્થાની, સિંધી, હિન્દી અને અંગ્રેજીમાંથી જે તત્સમ-તદ્ભવ શબ્દો વ્યવહારમાં આવતાજતા હોય તેનો આવકાર કરવો ઘટે અને અપનાવવા પડે. ઉત્કલી, તામિલ, તેલગુ વગેરે ભાષાના લોકો ગુજરાતમાં વસવા માંડ્યા છે, એમના શબ્દોનો પણ આશ્લેષ ઘટે. સંસ્કૃત ભાષા આપણી જનની. તેમાંથી પણ શબ્દો અપનાવી ગુજરાતી ભાષાને સંવર્ધિત કરી શકાય. ‘સંસ્કૃત-ગુજરાતી’, ‘અંગ્રેજી-ગુજરાતી’, ‘હિન્દી-ગુજરાતી’ જેવા દ્વિભાષીય કોશોની રચના, સમાનાર્થી શબ્દકોશ અને ‘અમરકોશ’ જેવા વર્ગીકૃત જ્ઞાનકોશની રચના અત્યારના સંદર્ભમાં ફિલસૂફી અને વિજ્ઞાન, જીવવિદ્યા અને વનસ્પતિશાસ્ત્ર, તેમજ તબીબી અને ગણિતકી વગેરે ક્ષેત્રના અલગ અલગ પારિભાષિક કોશની રચનાનું કાર્ય થવું જોઈએ.

ભાષા અને લિપિ બંનેય પ્રવહમાન છે. કશુંય ત્યાજ્ય નથી. રાવત લિપિ, મેઘાણી લિપિ કે પાઠક સંશોધિત

ઊંઝા-જોડણી એમાંથી ઘણું અપનાવી ક્લિષ્ટતા કેટલેક અંશે દૂર કરી શકાય. એક અરબી કહેવત છે. ‘વ્યક્તિનું જોમ તેની બુદ્ધિ અને તેની બોલીમાં છે.’

‘મીઠી રસપ્રદ ભાષા તો ભલભલાંનાં મન હરી લે!’ સંધિનો ઉપયોગ એ આપણી ભાષાને સંસ્કૃત તરફથી મળેલી એક દેણગી છે. વિશ્વની ટોચની વીસ ભાષામાં પાંચ તો ભારતીય ભાષા છે, હિન્દી ત્રીજા ક્રમે. ઇજિપ્શિયન અને ફિનિશયન તેમ જ અક્કાદી જેવી તો કેટલીક ભાષાઓ ગારદ થઈ ગઈ. લેટિન મૃતભાષા જેવી જ રહી ગઈ છે.